જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૧/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૦૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી ૯૦ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૮ બિયર, ૧ રિક્ષા અને ૧ જીપ કબજે કરી હતી.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૦૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડી/બળાત્કારની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૧૦૬/૧૬

**ગાયકવાડ હવેલીઃ** જમાલપુર વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષની યુવતીએ તા.૧૪/૧૧/૧૬ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ચારેક વર્ષથી તા.૧૯/૫/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રમજાન ઉર્ફે સમીર મુસ્તકભાઇ રંગરેજ (રહે. નવાબની ચાલી ઝૈદફ્લેટ શાહઅલમ) એ પરણીત હોવા છતા અપરણીત હોવાનુ જણાવી યુવતી સાથે લગ્ન કરવાની લાલચ આપી અલગ-અલગ જગ્યાએ લઈ જઈ યુવતીની મરજી વિરૂધ્ધ જબરદસ્તીથી શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ ડી કલારા ચલાવે છે.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૧૦૭/૧૬

**રામોલઃ** અરવિંદભાઈ ગેનાજી ઠાકોર (રહે. શેડ નંબર-૧ રેવાભાઈ એસ્ટેટ મારૂતી થીએટરની સામે સીટીએમ રામોલ) એ તા.૧૪/૧૧/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી દિલીપ રમેશજી ઠાકોર (રહે. શ્રીજી સોસાયટી કબીરમંદીર પાસે વસ્ત્રાલ ગામ) તા.૧૨/૧૧/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે અરવિંદભાઈ ઠાકોરની ભાણી જીનલબહેન (ઉ.વ.૧૬) ને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર એમ ગામીત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૦૮/૧૬</u>**

**રામોલઃ** વર્ષાબહેન વા/ઓ મુકેશભાઇ જોષી (ઉ.વ.૪૦) (રહે. અબજીબાપા ફ્લેટ એકલવ્ય સ્કુલની પાછળ વસ્ત્રાલ) તા.૧૪/૧૧/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે વસ્ત્રાલ કેનેરા બેન્કની સામે ચાર રસ્તા ગેલેક્સી કોરલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગની નંબર વગરની મોટર સાયકલ ઉપર આવેલ (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) બે પુરૂષ વર્ષાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વર્ષાબહેન જોષીએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એન લાઠીયા ચલાવે છે.

**નિકોલઃ** રેણુકાબહેન વા\ઓફ કમલકિશોર ગુપ્તા (રહે. પ્રાથના એકઝોટીકા દેવસ્ય સ્કુલની બાજુમાં નિકોલ) તા.૧૪/૧૧/૧૬ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે દેવસ્ય સ્કુલ ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) બે પુરૂષ રેણુકાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રેણુકાબહેન ગુપ્તાએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર જી ખાંટ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૦૯/૧૬</u>**

**વેજલપુરઃ** સલીમખાન નજીરખાન પઠાણ (રહે. મેરે ગરીબ નવાઝ સોસાયટી, રહેમાની સોસાયટી પાસે, રોયલ અકબર ટાવર પાછળ, જુહાપુરા) એ તા.૯/૧૧/૧૬ કલાક ૭/૦૦ વાગે પોતાના ઘર આગળ નજીક કોમન પ્લોટમાં પોતાની ટોયોટા ઇનોવા કાર નંબર જીજે ૧ બીવી ૯૫૭૫ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૦/૧૧/૧૬ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ સલીમખાન પઠાણે તા.૧૪/૧૧/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એ.બી.જાડેજા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)